Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# બ્રાહ્મણો: ગોત્ર અને પ્રવર

સંશોધક

**મહેતા કિરણબાળા રસિકલાલ**

એમ. એ., એમ.એડ.

ઈતિહાસ ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

માર્ગદર્શક

**ડૉ. ધીરુભાઈ વાળા**

એસોસિએટ પ્રોફેસર,

અધ્યક્ષ - ઈતિહાસ ભવન, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ મેંદરડા, જુનાગઢ

**પ્રસ્તાવના :-**

પ્રાચીન ભારતમાં હિંદુ ધર્મની વર્ણ વ્યવસ્થા મુજબ સમાજને તેના કર્મો અનુસાર ચાર વર્ણોમાં વિભાજીત કરવામાં આવ્યો છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. મનુસ્મૃતિમાં પ્રથમ અધ્યાયમાં પણ કહ્યું છે કે..

लोकानां तुं विवृध्ध्यर्थ मुखबाहुरूपादत: ।

ब्राह्मणं क्षत्रियं वैश्यं शुद्रं च निरवर्तयत् ॥

૧,૩૦ ॥

તે પછી પ્રજાપતિએ પ્રજાની વૃધ્ધિ કરવા માટે મુખ, બહુ, સાથળ અને ચરણમાંથી અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણોને ઉત્પન્ન કર્યા.

આમ, પૃથ્વી પરના દેવતા બ્રાહ્મણની ઉત્પતિ પરમ પુરુષના મુખમાંથી થયાનું ઋગવેદનું પુરુષ સૂક્ત દર્શાવે છે. **ब्राह्मणोडस्य मुख्मासित्** । આનો ભાવાર્થ લઈએ તો પરમ પુરુષની વાણી - કે જે બ્રહ્મવાણી છે - ના વાહક બ્રાહ્મણો છે.

દરેક બ્રાહ્મણની પાસે અટક, ગોત્ર, પ્રવર, વેદ, શાખા, કુળદેવી, ગણપતિ, યક્ષ, શિવભૈરવ અને શર્મની માહિતી હોય છે. વળી શાસ્ત્રમાં પણ કહ્યું છે કે

गोत्रं शाखावटंकश्च वेदा: (च) प्रवरा: शिवा: ।

भैरावो देवी गणपतिर्नव जानन्ति वाडवा: ॥

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ગોત્ર, શાખા, અવટંક, વેદ, પ્રવર, શિવ, ભૈરવ, દેવી, ગણપતિ એ નવ જે જાણે તે બ્રાહ્મણ ભારતના વિવિધ રાજ્યમાં વસતા બ્રાહ્મણો ગોત્ર તેમજ પ્રવરથી ઓળખાય છે. ગોત્ર એ બ્રાહ્મણ કુળનો નિર્દેશ કરતુ એક અવિભાજ્ય અંગ છે. જે પિતૃપક્ષનું મૂળ પૂર્વજ જણાવે છે.

- **ગોત્ર :-**

કોઈવંશના મૂળ વ્યક્તિની વંશ પરંપરા જ્યાંથી શરુ થાય છે. તે વંશનું ગોત્ર તેમના નામથી જ પ્રચલિત થઇ જાય છે. સમગ્ર બ્રાહ્મણ સમાજ કોઈ ને કોઈ ઋષિના જ સંતાન છે. આ રીતે સમાજની શરૂઆત કરનાર ઋષિને તે સમાજનું ગોત્ર કહેવામાં આવે છે. જેમ કે મહર્ષિ વશિષ્ઠ થી શરુ થયેલા વંશની જેમ તેઓ તેમના ગોત્રને વશિષ્ઠ કહે છે.

- **અર્થ:-**

પ્રાચીન ભારતના તમામ ઋષિઓ ગાયોને પાળતા-પોષતા બધા અસંખ્ય ગાયો રાખતા. દરેક ઋષિ પોતાના આ ગાયોના સમુહને એક જગ્યાએ વાડામાં સુરક્ષિત રાખતા. આમ, જ્યાં ગાયોને સુરક્ષિત રખાતી તે સ્થળ વાડાને પ્રારંભમાં ગોત્ર કહેવાતું:

गाव: त्रायन्ते यत्र ईती गोत्रम् ।

અર્થાત જ્યાં ગાયો સચવાતી - રક્ષણ પામતી તે સ્થળ એટલે ગોત્ર.

આ પછીથી ધીમે ધીમે જે તે ઋષિના નામ પરથી તે 'વાડા' ઓળખાવા લાગ્યા. જેમ કે વશિષ્ઠનો વાડો, આમ ગોત્રના મૂળ છેક ઋગવેદ કાળથી મળી આવે છે. અલબત આરંભમાં ત્યાં તેનો અર્થ ભિન્ન થતો હતો. વાડો, ગૌશાળા, ગાયોનો સમૂહ વ. કવચિત માત્ર 'સમૂહ' એવો અર્થ પણ નીકળે છે. આ પછીથી જે તે ઋષિના

આશ્રમની ગાયો. અહી એ વાતની સ્પષ્ટતા કરી લઈએ કે એક આશ્રમમાં કે તેની આજુબાજુ અનેક ઋષીઓ રહેતા, આશ્રમના વાડામાં રખાતી ગાયો એક 'ગોષ્ઠ'માં રહેતી. તે બધાનું એક 'ગોત્ર' ગણાતું. તો અથર્વવેદમાં 'પરસ્પર સંબંધિત માનવ સમૂહ' ના અર્થમાં 'ગોત્ર' પ્રયોજાયેલ છે.

આમ ગોત્ર શબ્દ પ્રાચીન અથવા મૂળ ઋષિકુળનો વાચક બનવા પામ્યો. પણ પાણિનિએ સ્પષ્ટ તથા તેને 'વંશ' કે 'કુળ' માટે પ્રયોજ્યો ત્યાં સુધી તેનો સ્પષ્ટ અને નિશ્ચિત અર્થ ન હતો. તેમને 'ગોત્ર'ની વ્યાખ્યા આ રીતે આપી છે.

आपत्यं पौत्रप्रभृति गोत्रम् ।

પૌત્રથી આરંભાતી સંતાન પરમ્પરા તે 'ગોત્ર', જેમ કે ગર્ગ નામની વ્યક્તિના પુત્રની સંતાન 'ગાર્ગી' અને તેમના સંતાન. અર્થાત ગર્ગના પૌત્રથી તે બધા 'ગર્ગ' ગોત્ર અર્થાત ગર્ગકુળ પરિવારના કહેવાયા. સામાન્ય રીતે ગોત્ર પૂર્વ પુરુષને વ્યક્ત કરે છે.

આમ, પ્રારંભમાં 'ગોત્ર' મૂળ એક જ 'સમૂહ'ની ગાયો જેમાં બંધાતી તે ભાગ (વાડા)ને કહેવાતું. આ પછી ક્રમશ: ગોષ્ઠમાં બંધાતી ગાયોના માલિકોના સમૂહ માટે તે પ્રયોજવા લાગ્યું. અને આગળ જતા સંબંધિત પરિવાર વિશિષ્ટ શક્તિ સંપન્ન પુરુષના નામ પરથી ભવિષ્યની પેઢી માટે તે પ્રચલિત અને દ્રઢ થયું. વેદકાલીન 'ગોત્ર'ની વ્યાખ્યા હજુ અસ્પષ્ટ હતી પણ ઉત્તર વૈદિકકાળ પર્યંત તે લગભગ સ્પષ્ટ થઇ જવા પામેલ અને તેનો વિકાસ પણ પૂર્ણ થયેલ. જે વિદ્યા ધન, શૌર્ય, ઔદાર્ય ઈત્યાદી ગુણોના કારણે નિષ્ણાત થયેલ તે કાળાંતરે જેના નામથી 'કુળ' કે 'વંશ' ની ઓળખ થાય તેને 'ગોત્ર' કહે છે.

**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- **ગોત્રની સંખ્યા :-**

સૃષ્ટિ સર્જનમાં પ્રારંભે બ્રહ્માજીએ જે સાત માનસ પુત્રો ઉત્પન્ન કર્યા તે (સપ્તર્ષિ) આ હતા. ગૌતમ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, જમદગ્નિ, વશિષ્ઠ, કશ્યપ અને અત્રિ. આ પછીથી આમાં અગત્સ્ય ઉમેરતા કુલ આઠ ઋષિઓ થયા.

जमदग्निर्भारद्वाजा विश्वामित्रोंडात्रगौतमो ।

वशिष्ठः कश्यपागत्स्या युगयो गोत्रकारिणः ॥

ઉપરોક્ત આઠ ઋષિઓએ પ્રજા ઉત્પન્ન કરી અને તેમના એ વંશજો (સંતાનો) જે-તે ઋષિના ગોત્ર અને કુળ-પરિવારના કહેવાયા. આગળ જતા મૂળના આ આઠ ઋષિકુળમાં ઉત્પન્ન પુત્રોના નામથી પણ ગોત્ર શરુ થયા. જેની સંખ્યા ૪૯ માનવામાં આવે છે. જે આ પ્રમાણે છે.

વિશ્વામિત્ર ગોત્રમાં - ૧૨

જમદગ્નિ ગોત્રમાં - ૦૭

ભારદ્વાજ ગોત્રમાં - ૦૯

ગૌતમ ગોત્રમાં - ૧૦

અત્રિ ગોત્રમાં - ૦૨

વશિષ્ઠ ગોત્રમાં - ૦૪

કશ્યપ ગોત્રમાં - ૦૪

અગત્સ્ય ગોત્રમાં - ૦૧

**કુલ - ૪૯**

મહાભારત અનુસાર ૮૦૦૦૦ (એંસી હાજર) ઋષિઓ બ્રહ્મચારી બન્યા અને માત્ર ૪૯ ઋષિઓએ ગૃહસ્થી સ્વિકારી પ્રજા ઉત્પન્ન કરી. ગોત્ર સંખ્યા નિશ્ચિત નથી. બૌદ્ધાયન પ્રવારાધ્યાય ૮૦૦ દર્શાવે છે તો 'સંસ્કાર કૌસ્તુભ' ૧૬૦૦ની સંખ્યા આપે છે. વળી ગોત્ર કર્તા ઋષિગણ પ્રત્યેક મન્વંતરમા એક હોતા નથી. અલગ-અલગ હોય છે. ચાલુ વૈવસ્વત મન્વંતરના ગોત્ર કર્તા ઋષિ આગળ ઉલ્લેખિત તે છે.

- **પ્રવર :-**

ગોત્રની સાથે પ્રવર સંલગ્ન છે. આમ છતા આના વિષે સ્પષ્ટ મત નથી. સામાન્ય રીતે પ્રવર એટલે ગોત્રના પૂર્વજ ઋષિઓ એવો અર્થ કરવામાં આવે છે. પ્રવરનું બીજું નામ આર્ષેય છે. તેનો ઋગવેદમ ઉલ્લેખ છે. પ્રવર શબ્દથી પ્રાર્થના શબ્દ સૂચિત થાય છે. અગ્નિનું જયારે આહ્વાહન થાય છે ત્યારે યજ્ઞ કરાવનાર યજમાનના ગોત્રમાં ઉત્પન્ન થયેલ જાણીતી વ્યક્તિઓનો ઉલ્લેખ થાય છે. લગ્ન વખતે સમાન પ્રવરવાળા કુટુંબો વચ્ચે સંબંધ કરવા પર સૂત્રકારોએ પ્રતિબંધ મૂક્યો છે. ઉપનયન વખતે જનોઈની ત્રણ કે પાંચ ગાંઠો પ્રવર પ્રમાણે રખાય છે. ચૌલકર્મમા વાળ ઉતરાવતી વખતે પ્રવરની સંખ્યા પ્રમાણે વાળના ગુચ્છા રાખવામાં આવતા.

આમ, પ્રાચીનકાળથી ગોત્ર અને પ્રવરનો ઉલ્લેખ કરવાની પ્રથા બ્રાહ્મણોમાં પ્રચલિત હતી. 'પ્રવર મંજરી'મા ગોત્ર અંગેની વિગત આશ્વલાયન, આપસ્તંભ, બૌદ્ધાયન, કાત્યાયન, શ્રૌત અને ધનસૂત્ર વગેરેને આધારે આપેલ છે.

પ્રવરનો અર્થ 'શ્રેષ્ઠ' પણ છે. પ્રવર એ એવા ઋષિઓનો ઉલ્લેખ કરે છે જેઓ ગોત્રકારોના પૂર્વજો અને મહાન હતા. ઉ.દા. શ્રીરામનો જન્મ સૂર્યવંશમા થયો હતો. સૂર્ય આ વંશના પ્રથમ વ્યક્તિ હતા. પાછળથી આ વંશમાં રઘુરાજા પ્રખ્યાત થયા તેથી પાછળથી રઘુવંશ તેમના નામથી જ લોકપ્રિય થયા. એ જ રીતે ઈક્ષ્વાકુ પણ એક પ્રખ્યાત રાજા બન્યા. તેથી તેમના નામ પરથી આ વંશનું નામ ઈક્ષ્વાકુ વંશ રાખવામાં આવ્યું.

- **પ્રવરની સંખ્યા**

પ્રવરની સંખ્યા નિશ્ચિત કે એક સરખી હોતી નથી. કેટલાકમાં એક-બે, ત્રણ કે પાંચ પ્રવર હોય છે. ગોત્રમાં પ્રવરની સંખ્યા પાંચથી વધુ હોતી નથી. પ્રવરમાં ગોત્ર પ્રવર્તક ઋષિના પ્રપિતામહ, પિતામહ અને પિતાની ગણના થાય છે. જેમ કે ઉપમન્યુ ગોત્રમાં વશિષ્ઠ; ભારદ્રસું અને ઇન્દ્રપ્રમહ એ ત્રણ પ્રવર છે. આમ પ્રવરનો અર્થ સંપ્રદાય પ્રવર્તક એવો ગોત્રના પૂર્વજ એવો થાય છે. પરંતુ ઘણીવાર ઔચિત્ય ક્રમ જળવાતો નથી. જેમ કે ભારદ્વાજના પ્રવરમા ભારદ્વાજ, બૃહસ્પતિ અને અંગીરસના નામોમાં બૃહસ્પતિ અને અંગીરસ બંને ભાઈઓ હોય, તેમનો પિતા પુત્રનો સંબંધ કઈ રીતે હોય શકે?

આમ, પ્રવર શબ્દનો મૂળભૂત અર્થ શ્રેષ્ઠને પસંદ કરાયેલ થાય. આ અર્થ પ્રમાણે મૂળ ગોત્રના વંશજોમાં જે શ્રેષ્ઠ પુરુષો- ઋષિઓ થયા તેના નામથી પછીથી શાખા શરુ થઇ તેમ માની શકાય છે.

આમ ઉપર જણાવેલ આઠ ગોત્રકારી ઋષિઓ અને તેમના વંશમાં થયેલા ૪૯ ગણો તે જ ૪૯ પ્રવર તરીકે ઓળખાયા આમ પ્રવરની કુલ સંખ્યા ૪૯ છે.

- **ગોત્રની જાણ ન હોય ત્યારે..?**

જ્યારે કોઈ વ્યક્તિ પોતાનું ગોત્ર જાણતો ન હોય (જો કે આમ થવું જોઈએ જ નહી) અથવા પોતાને ગોત્રની ચોક્કસ માહિતી ન હોય ત્યારે તેવી વ્યક્તિએ પોતાના આચાર્યનું ગોત્ર અપનાવી શકવાનું આપસ્તંભ જણાવે છે. આચાર્ય કે આચાર્યના ગોત્રની પણ જાણકારી ન હોય ત્યારે કશ્યપ ગોત્ર અપનાવવાની શાસ્ત્ર સંમત જોગવાઈ છે. કેમ કે કશ્યપ સર્વ પ્રજાપતિઓના આદ્યપિતા મનાય છે. કશ્યપના વિકલ્પે ભારદ્વાજ ગોત્ર પણ અપનાવી શકાય.

- **ગોત્ર અને પ્રવર ક્યા અપનાવી શકાય..?**

પ્રાચીનકાળથી પરિવારો પિતૃપ્રધાન છે. જેમાં કુળનું નામ અથવા ગોત્ર પિતાથી પુત્રમાં પ્રસારિત થતું હતું. આમ, ગોત્રો એ ભારતીય સમાજમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. લોકો મોટાભાગે તેમના ગોત્રો દ્વારા ઓળખાતાં હતા. પછી ભલે તે કોઇપણ વર્ણના હોય. લગ્ન સમારોહમાં મહત્વ ઉપરાંત સનાતન ધર્મની ઘણી વિધિઓ અને પ્રથાઓમાં ગોત્ર અને પ્રવરનું પઠન કરવામાં આવે છે. દેવતા પૂજા અને અર્ચના જેવી દૈનિક ધાર્મિક વિધિઓના સંકલ્પમાં માત્ર ગોત્ર લેવામાં આવે છે. અને પ્રવરનો પાઠ કરવામાં આવતો નથી. ઘણા ગ્રંથોમાં આપણને અસંખ્ય ઉદાહરણો જોવા મળે છે. જ્યાં ગોત્ર અને પ્રવર આધારિત બાકાત અથવા પ્રથાઓના સમાવેશને અનુસરવામાં આવે છે.

- **યજ્ઞો**

શ્રોત યજ્ઞ બ્રાહ્મણો દ્વારા તેમના ગોત્રોના આધારે કરવામાં આવતા હતા.

- **નિત્યક્રમ**

૧) સંધ્યાવંદના જેવી પ્રવૃત્તિઓમાં, સંકલ્પમાં વ્યક્તિના ગોત્રનો પથ કરવામાં આવે છે. સંધ્યાવંદના દરમિયાન વ્યક્તિએ તેના ગોત્ર, પ્રવર, વેદશક અને સૂત્રનું પુનરાવર્તન કરવું પડે છે જેનો અભ્યાસ કરે છે.

૨) ઘરમાં નિત્ય દેવતા પૂજાના સંકલ્પ અથવા મંદિરમાં કોઇપણ પૂજામાં દંપતી અથવા પૂજા કરનાર વ્યક્તિઓનું ગોત્ર લેવાનો સમાવેશ થાય છે.

3) ઘરમાં અથવા તીર્થમાં સ્નાન કરતી વખતે અથવા ગંગા, ગોદાવરી વગેરે જેવી પવિત્ર નદીઓમાં અથવા સમુદ્રમાં સ્નાન કરતી વખતે (અમાવસ્યા અને પૂર્ણિમા દરમિયાન) સંકલ્પમાં વ્યક્તિનું ગોત્ર કહેવાનો સમાવેશ થાય છે.

૪) દાન કરતી વખતે દાતા અને સ્વીકારનાર બંનેના નામ અને ગોત્રનો પાઠ કરવામાં આવે છે. પુત્ર અને પિતા કહે છે કે સામાન્ય રીતે એક જ પરિવારના સભ્યોને દાન આપવામાં આવતા નથી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

➢ **ધાર્મિક વિધિ**

૧) વ્યક્તિએ તેમના વેદ, શાખા અને સૂત્રને તેના ગોત્ર પ્રમાણે જાણવું જોઈએ. દા.ત. જો કોઈ વ્યક્તિનું ગોત્ર કૌશિક છે અને તેનો વેદ યજુર્વેદ છે તો તેને યજુર્વેદ સાથે સંકળાયેલા ધર્મસૂત્રોમા આપેલ ધાર્મિક વિધિઓનું પાલન કરવું પડશે.

૨) ચૌલ સંસ્કારમાં માથા પરના વાળ ગોત્ર, પ્રવર અને પરિવારની પ્રથા અનુસાર છોડી દેવાના.

3) જનોઈમાં યજ્ઞોપવીતમાની ગાંઠો પ્રવરમાં ઋષિઓની સંખ્યા પર આધારિત હોય છે.

➢ **વિવાહમાં વિશેષ નિયમો**

જયારે વડીલો દ્વારા જોડાણ ગોઠવવામાં આવે છે ત્યારે તેઓ કન્યાનું ગોત્ર અને પ્રવર તપાસે છે તે વરના ગોત્ર અને પ્રવર સમાન ન હોવું જોઈએ.

સામાન્ય રીતે એક જ :ગોત્ર: અથવા 'સગોત્રી' વચ્ચે વિવાહ સંબંધ વર્જ્ય મનાતો આની પાછળનું તત્કાલીન ચોક્કસ કારણ જાણી શકાતું નથી. તો પણ આજના વિજ્ઞાન યુગમા એક જ કુળ-ગોત્ર વચ્ચેનો વિવાહ સંબંધ હિતાવહ ન હોવાનું સિદ્ધ થયેલ. કોઈએ સમયે સગોત્ર વિવાહ પર ધાર્મિક પ્રતિબંધ મુકાયેલ. ધર્મશાસ્ત્રકારો સગોત્ર કન્યા સાથે બહેન માતા સમાન વ્યવહાર કરવાનું સૂચવે છે. એટલું જ નહી આ રીતના અર્થાત સગોત્ર વિવાહ કરનાર બ્રાહ્મણને ચાંડાલ ઉત્પન્ન કરનાર કહેલ છે. યાજ્ઞવલ્ક્ય તો સ્પષ્ટ રીતે પિતાની સાત અને માતાની પાંચ પેઢી સુધી વિવાહ નિષેધ ગણે છે.

- **વારસો**

સંતાન વિના મૃત્યુ પામેલા વ્યક્તિની સંપતિ તેના નજીકના સગોત્રોમાં જાય છે.

- **શ્રાદ્ધ અને પિતૃકર્મ**

શ્રાદ્ધ કર્મોમાં આમંત્રિત બ્રાહ્મણો (ભોક્તાઓ) કર્મ કરનાર વ્યક્તિ માટે સગોત્ર ન હોવા જોઈએ. પિતૃઓને પાણી અર્પણ કરતી વખતે તેના ગોત્ર અને નામનું પુનરાવર્તન કરવાનું હતું.

આમ ગોત્ર અને પ્રવર સનાતન ધર્મ સાથે સંકળાયેલી કેટલીક મૂળભૂત બાબતો અને પ્રથાઓમાં સર્વોચ્ચ મહત્વ ધરાવે છે. કુટુંબના ગોત્રનું નામ ઋષિ પૂર્વજના નામ પરથી હોવાનું કહેવાય છે. જેમને પ્રચીનકાળમાં પરિવારની સ્થાપના કરી આવા પરિવારો તેમના બાળકો, પૌત્રો, પૌત્રીઓની ઘણી પેઢીઓમાં તેમની પરંપરા સાથે વિકસ્યો છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભગ્રંથો :-**

१) याज्ञिक श्री वेणीदत्त जगजीवन, 'औदीच्यप्रकाश:' अमदावाद, २००८ पृ. ११

२) पाठक ईन्दुमणी, ' ब्राह्मण गोत्रवली', डी. पी. बी. पब्लीकेशन, दिल्ली, २०२१ पृ. ०८

3) गौतम एस. एस., 'भारतमे गोत्रो और उपनामो का ईतिहास', सिद्धार्थ बुक्स, दिल्ही, २०२२ पृ. १५ से १९

४) डो. शर्मा महावीर प्रसाद, 'उत्तर भारतीय ब्राह्मण गोत्र शासनावली', राजस्थानी ग्रंथागार, जोधपुर, २०१८, पृ. ६३

૫) પંડિત નથુરામ મહાશંકર તથા શાસ્ત્રી પંડ્યા પ્રાણજીવન હરિહર, 'શ્રી મનુસ્મૃતિ', મુંબઈ, બીજી આવૃત્તિ, ૧૯૧૧, પૃ. ૧૫

6) ડો. વ્યાસ હસમુખભાઈ, 'ઇતિ પુરા વૃત્ત', રાજકોટ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૪, પૃ. ૪૪

૭) ડો. વ્યાસ હસમુખભાઈ, 'ઔદીચ્ય બ્રાહ્મણ ગોત્ર પરિચય', વિરલ પ્રકાશન, રાજકોટ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૫, પૃ. ૯ થી ૧૪

૮) ડો. રાજગોર શિવપ્રસાદ, 'ગુજરાતના બ્રાહ્મણોનો ઈતિહાસ', અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૭ પૃ. ૫૭૮